# ડેડિયાપાડામાં 11 બાળક સાથે ધૂણવા લાગ્યાં



## મોસ્કૂટ આશ્રમશાળામાં ધૂણનારાં તમામ બાળકો સ્વસ્થ

ચિકદાઃ ડેડિયાપાડાના મોસ્કૂટ ગામે આવેલી મહાત્મા ગાંધી આશ્રમશાળામાં લગભગ એક અઠવાડિયા પહેલા અચાનક ૧૧ જેટલાં બાળકો ધૂણવા લાગતાં કુતૂહલ સર્જાયું હતું. એક બાદ એક બાળક ધુણવા માંડતાં સૌ સ્તબ્ધ બની ગયા હતા.

આ અંગે જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. જનક મઢકે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, 'બાળકોના તમામ તબીબી પરીક્ષણો સામાન્ય (નોર્મલ) આવ્યા છે. બાળકોની પીડિયાટ્રિશિયન અને મનોચિકિત્સક દ્વારા પણ તપાસ કરવામાં આવી છે. તબીબી ભાષામાં આ સ્થિતિને કન્વર્ઝન ઈવેન્ટ (Conversion Event) અથવા માસ હિસ્ટીરિયા કહેવામાં આવે છે. આ કોઈ શારીરિક કે માનસિક બીમારી નથી, તેમજ કોઈ અંધશ્રદ્ધા કે ભૂત-પ્રેતનો મામલો નથી. નાની વયના બાળકો પોતાની ભાવનાઓ વ્યક્ત કરવા માટે અથવા આસપાસના વાતાવરણમાં મોટા લોકોને જોઈને તેનું કોપી કરતાં હોય છે.'

## ગુજરાતમાં બનેલી કેટલીક સામૂહિક ઘટનાઓ





### 1 ગુજરાતના દરિયા કિનારે 'મીઠું પાણી'

ઓગસ્ટ, ૨૦૦૬માં મુંબઈના માહિમમાં દરિયાનું પાણી મીઠું થયાની અફવા ફેલાયાના થોડા જ કલાકોમાં ગુજરાતના દક્ષિણ દરિયાકિનારે ઉમરગામ, તિથલમાં પણ રાત્રિના સમયે પણ હજારો લોકો દરિયા કિનારે એકઠા થઈ ગયા હતા અને ગંદા દરિયાઈ પાણીને પવિત્ર ગણીને પીવા લાગ્યા તથા ઘરમાં બોટલો ભરવા લાગ્યા. ઘણા લોકોએ સામૂહિક પ્રભાવ હેઠળ દાવો પણ કર્યો કે પાણી દરરોજ કરતાં ઓછું ખારાશવાળું કે મીઠું લાગી રહ્યું છે. ચોમાસાના કારણે નદીઓનું પુષ્કળ ગૌણ પાણી દરિયામાં ભળવાથી ઉપરની સપાટી પર ખારાશ થોડી ઓછી થઈ હતી.

### 2 સ્કૂલોમાં સામૂહિક ચક્કરની ઘટનાઓ

ગુજરાતની કેટલીક સરકારી કે આશ્રમ શાળાઓમાં સમયાંતરે આવી ઘટનાઓ સામે આવતી હોય છે, જ્યાં પ્રાર્થનાસભા દરમિયાન કે ગરમીના દિવસોમાં એક બાળકી કે વિદ્યાર્થી ચક્કર આવીને પડી જાય, ત્યારે તેને જોઈને લાઈનમાં ઊભેલા બીજા ૫ થી ૧૦ બાળકો પણ અચાનક ચક્કર આવીને બેભાન થવા લાગે છે. તબીબી ભાષામાં આને Mass Psychogenic Illness કહે છે, જ્યાં કોઈ વિષાક્ત વાયુ કે ઝેર ન હોવા છતાં, માત્ર એક સહઘ્યાયીને જોઈને ડર અને ગભરામણના કારણે બીજા બાળકોમાં શારીરિક લક્ષણો (શ્વાસ રૂંધાવો, ચક્કર આવવા) દેખાવા લાગે છે.

### 3 દૂધ પીતા ગણેશજીની ઘટના

૨૧ સપ્ટેમ્બર, ૧૯૯૫માં ગુજરાતના નાના-મોટા શહેરો અને ગામડાઓમાં હજારો લોકો ચમચાઓમાં દૂધ લઈને મંદિરો અને ઘરોમાં ગણેશજીની મૂર્તિઓને દૂધ પીવડાવવા લાઈનમાં ઊભા રહી ગયા. લોકો એકબીજાને જોઈને દાવો કરવા લાગ્યા કે મૂર્તિ ખરેખર દૂધ પી રહી છે. વૈજ્ઞાનિકોએ પાછળથી સાબિત કર્યું કે આ કોઈ ચમત્કાર નહીં પણ સરફેસ ટેન્શન (Surface Tension) અને કેપિલરી એક્શન (Capillary Action) નામનો ભૌતિકશાસ્ત્રનો નિયમ હતો, જેના કારણે મૂર્તિ પરનું દૂધ ચમચીમાંથી ખેંચાઈને નીચે વહી જતું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### માંડવી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે નવરાત્રિ યોજાશે


હિતેશ પટેલ

માંડવીઃ આદ્યશક્તિની આરાધનાના મહાપર્વ નવરાત્રિના આગમનને લઈને સમગ્ર માંડવી પંથકમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ છવાયો છે. 'સનાતન હિન્દુ શક્તિ સમિતિ-માંડવી' દ્વારા માંડવી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે આયોજિત ભવ્ય 'માંડવી નવરાત્રિ મહોત્સવ-૨૦૨૬'નું ખાતમુહૂર્ત તેમજ મંડપ મુહૂર્ત ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિના હસ્તે કરવામાં આવ્યું હતું. આ અવસરે માંડવી નગર, અરેઠ સહિત સમગ્ર તાલુકાભરમાંથી વિવિધ સામાજિક-રાજકીય અગ્રણીઓ, ઉત્સાહી યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### કામરેજમાં જુગાર રમતા ૪ ઝડપાયા


ઈલ્યાસ શેખ

પલસાણાઃ સુરત ગ્રામ્ય એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે કામરેજના નવાગામ ખાતે આવેલા દાદા ભગવાન મંદિરની બાજુમાં ઝૂંપડપટ્ટી પાછળ ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારધામ પર દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ગંજીપાના વડે હારજીતનો જુગાર રમતા ૪ આરોપીની અટકાયત કરી છે. પકડાયેલા આરોપીઓમાં છન્નુભાઇ સાથળીયા (રહે., બાવળિયા ગામ, ધોલેરા), રફીક શેખ (રહે., કઠોર, કામરેજ, તોસીફ બાદશાહ (રહે., કઠોર) અને સાવન વાઘેલા (રહે.,નવાગામ, કામરેજ)નો સમાવેશ થાય છે. પોલીસ રેઇડ દરમિયાન સ્થળ પરથી દાવ પરના રોકડા રૂ.૭૦૦, અંગજડતીમાંથી મળી આવેલા રોકડા રૂ.૧૧,૬૦૦, રૂ.૧૫,૦૦૦ની કિંમતના ૩ મોબાઇલ ફોન તથા ગંજીપાના મળી કુલ રૂ.૨૭,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### ભાણખેતર ગામે ગણેશ પંડાલ નજીક મગરનું બચ્ચું દેખાયું



ભરૂચઃ ભાણખેતર ગામે ગણેશ પંડાલ નજીક તુલસી ક્યારા પાસે બપોરે મગરનું બચ્ચું રસ્તા પર લટાર મારતું દેખાયું હતું. આ દૃશ્ય જોઈ શ્રદ્ધાળુઓ અને સ્થાનિક લોકો અવાક બની ગયા હતા. નદીમાં ફરતું મગરનું બચ્ચું ફળિયા સુધી આવી જતાં લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. જોકે, કોઈક નાગરિકે આ ક્ષણ કેમેરામાં કેદ કરી લીધી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો એકઠા થયા હતા અને તરત જ વન વિભાગને જાણ કરી હતી. વન વિભાગની ટીમે ઘટના સ્થળે પહોંચી અને ગ્રામજનોની મદદથી મગરના બચ્ચાને પકડી પાંજરામાં પૂરી દીધું હતું. બાદ સલામત જગ્યાએ ખસેડવામાં આવ્યું હતું. આ અંગે સ્થાનિક સામાજિક આગેવાન બ્રિજેશ પટેલે જણાવ્યું કે, મગરના બચ્ચાની જાણ થતાં તેને પાંજરે પૂરતા લોકોને રાહત મળી છે.

### અંકલેશ્વરમાં ૫ દિવસના શ્રી ગણેશની પ્રતિમાઓનું વિસર્જન કરાયું


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વરઃ અંકલેશ્વર ઉદ્યોગ મંડળ અને નોટિફાઇડ એરિયા ઓથોરિટી દ્વારા બનાવવામાં આવેલા કૃત્રિમ જળકુંડમાં પાંચ દિવસના શ્રી ગણેશની પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. ભક્તોના ઘરે સ્થાપિત ૫ ફૂટ સુધીની પ્રતિમાઓનું કૃત્રિમ જળકુંડમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. વિસર્જનની પ્રક્રિયા દરમિયાન નોટિફાઇડ એરિયા ઓથોરિટીના ચીફ ઓફિસર, એ.આઈ.એ.ના સંદીપ વિઠલાણી, સેફ્ટી સિક્યુરિટી કમિટીના ચેરમેન ડેનિશ ભૂત સહિત અધિકારીઓએ હાજર રહ્યા હતા. મોડી સાંજ સુધીમાં ૧૦૮૦થી વધુ પ્રતિમાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

### વાગરામાં પત્નીના ઠપકાથી નારાજ પતિએ ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું

ભરૂચઃ વાગરામાં પત્નીના ઠપકાથી નારાજ થઈને 26 વર્ષીય શ્રમિકે ફાંસો ખાઈને આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઈ છે. આ ઘટના વાગરાના વિલાયત ખાતે આવેલી એલએન્ડટી કોલોનીમાં બની હતી. છત્તીસગઢનો મૂળ રહેવાસી 26 વર્ષીય લેકુરામ કૌશીક વાગરાની એલએન્ડટી કોલોનીમાં પત્ની સાથે રહેતો હતો અને મજૂરીકામ કરતો હતો. વિશ્વકર્મા જયંતીના તહેવાર નિમિત્તે તે સાથી મજૂરો સાથે મોડી રાત સુધી ઉજવણીમાં વ્યસ્ત હતો. ત્યારબાદ જ્યારે તે પોતાના રૂમમાં પરત ફર્યો, ત્યારે મોડી રાત સુધી બહાર રહેવાની બાબતે પત્નીએ તેને ઠપકો આપ્યો હતો. પત્નીના ઠપકાથી માઠું લાગતાં લેકુરામ રૂમની બહાર નીકળી ગયો હતો અને આપઘાત કરવાનો નિર્ણય કરી લીધો હતો. તેણે કોલોનીના પાછળના ભાગમાં આવેલા એક ઝાડ સાથે રૂમાલ બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. સ્થાનિક લોકો ઘટના સ્થળે પહોંચ્યા ત્યાં સુધીમાં તેનું મોત થઈ ગયું હતું.

### વીરપોર ચોકડી પાસે દારૂ સાથે ૨ ઝડપાયા

સુરતઃ આમલેથા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલી વીરપોર ચોકડી ખાતેથી એલ.સી.બી. અને એ.એચ.ટી.યુ. પોલીસે બાતમીના આધારે દારૂની હેરાફેરી કરતી એક કાર ઝડપી પાડી હતી. પોલીસે ગાડીમાંથી વિદેશી દારૂ અને બિયરનો જથ્થો જપ્ત કરી બે આરોપીની ધરપકડ કરી હતી. પોલીસે વીરપોર ચોકડી પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન ત્યાંથી પસાર થતી મારુતિ સુઝુકી બલેનો ગાડી નં.(GJ-16-DG-2168)ના પાછળના ભાગે 'સ્ટેટ ઓફ રામાધણી' લખેલું હતું, તેને અટકાવી તપાસ હાથ ધરી હતી. ગાડીની પાછળની સીટ નીચે અને ડિકીમાંથી બિનઅધિકૃત ભારતીય બનાવટની રોયલ બ્લુ વ્હિસ્કીના ૭૨૦ ક્વાટરિયા (કિં.રૂ.૧,૩૮,૨૪૦) અને હેવર્ડ્સ ૫૦૦૦ બિયરના ૪૧ ટીન (કિંમત રૂ.૫,૧૨૫) મળી આવ્યાં હતાં. પોલીસે સ્થળ પરથી આરોપી મિતેશકુમાર રસિકભાઈ પાટણવાડીયા (રહે.,ઈન્દોર, તા.ઝઘડિયા) અને રણજીતભાઈ મફતભાઈ વસાવા (રહે.,પાટણા, તા.નાંદોદ)ની અટકાયત કરી છે. પોલીસે રૂ.૧,૪૩,૩૬૫ની કિંમતનો દારૂ-બિયર, રૂ.૩ લાખની બલેનો ગાડી તથા રૂ.૨૦,૦૦૦ના ૩ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૪,૬૩,૩૬૫નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે બંને આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## આમોદના દોરા-દાંડા વચ્ચે અજાણ્યા વાહન અડફેટે એકનું મોત

ભરૂચઃ આમોદના દોરા-દાંડા ગામ વચ્ચેના રસ્તા પર કેટલાક લોકોને એક અજાણ્યો વ્યક્તિ ગંભીર હાલતમાં પડેલો મળ્યો હતો. અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાને કારણે તેની હાલત નાજૂક હતી. આથી સ્થાનિક લોકોએ તરત જ 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. જાણ થતાં જ 108 એમ્બ્યુલન્સની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. જોકે, પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે અજાણ્યા વ્યક્તિનું મોત થઈ ચૂક્યું હતું. આ બનાવની જાણ આમોદ પોલીસને થતાં પોલીસ ટીમ પણ તરત જ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે ઘટનાની પ્રાથમિક વિગતો મેળવી મૃતદેહનો કબજો લઈ જરૂરી કાર્યવાહી શરૂ કરી હતી. મૃતદેહને આમોદ આરોગ્ય કેન્દ્ર લઈ જવામાં આવ્યો હતો. જ્યાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું.

## ભરૂચમાં આશિયાના કોમ્પ્લેક્સમાં ગેલેરીનો ભાગ ધરાશાયી થયો





### નીચે પાર્ક કરાયેલી બે રિક્ષાને નુકસાન

ભરૂચઃ ભરૂચ શહેરના આલી વિસ્તારમાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ સામે આવેલા આશિયાના કોમ્પ્લેક્સમાં શનિવારે ગેલેરીનો એક ભાગ અચાનક તૂટી પડતાં ભારે દોડધામ મચી ગઈ હતી. કોમ્પ્લેક્સના ત્રીજા માળની એક બાજુની ગેલેરીનો ભાગ તૂટી પડ્યો હતો, જેનો કાટમાળ નીચે પડતાં આસપાસના વિસ્તારમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. આ ઘટનામાં નીચે પાર્ક કરાયેલી બે રિક્ષાને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. સદનસીબે ગેલેરીનો કાટમાળ પડ્યો તે સમયે નીચે કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો તરત જ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ગેલેરીનો ભાગ કયાં કારણોસર તૂટી પડ્યો અને અન્ય કોઈ નુકસાન થયું છે કે કેમ એ અંગે તપાસ હાથ ધરાઈ રહી છે.

## ભરૂચમાં બેંક ઓફિસરનો 60 હજારનો મોબાઈલ ચોરાયો

### CCTV કેમેરામાં આરોપી કેદ

ભરૂચઃ ભરૂચના તુલસીધામ ચોકડી વિસ્તારમાંથી બેંક ઓફ બરોડાના એક ઓફિસરનો 60 હજાર રૂપિયા કિંમતનો મોબાઈલ ચોરાઈ ગયો હતો. આ મામલે સી-ડિવિઝન પોલીસે ચોરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ મહારાષ્ટ્રના મુંબઈના અને હાલ તવરા રોડ પર આર.કે. કાઉન્ટીમાં S/1 ખાતે રહેતા 36 વર્ષીય ઓજસ્વ વિક્રમ ગુપ્તા ભોલાવ શીતલ સર્કલ પાસે આવેલી બેંક ઓફ બરોડામાં છેલ્લા ત્રણ મહિનાથી ઓફિસર તરીકે ફરજ બજાવે છે.

ગત તા. 15મી સપ્ટેમ્બરના રોજ બેંકમાંથી રજા હોવાથી તેઓ ઘર માટે શાકભાજી ખરીદવા તુલસીધામ ખાતે ગયા હતા. ખરીદી કર્યા બાદ બિકાનેર ફરસાણ માર્ટમાંથી નાસ્તાની ખરીદી કરીને ઘરે પરત જવા માટે રેપિડો બુક કરવા તેઓએ તેમના પેન્ટના ખિસ્સામાંથી મોબાઈલ કાઢવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, મોબાઈલ ન મળતાં તેઓ અચરજમાં પડી ગયા હતા. આથી તેમણે બિકાનેર ફરસાણ માર્ટની દુકાનમાં લગાવેલા CCTV કેમેરાનાં ફૂટેજ ચેક કરતાં એક અજાણ્યો ઈસમ તેમના પેન્ટના ખિસ્સામાંથી મોબાઈલ કાઢતો હોવાનું દેખાયું હતું. આ અંગે બીજા દિવસે જ તેમણે ઈ-FIR મારફતે ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે સી-ડિવિઝન પોલીસે રૂ.60 હજારના મોબાઈલ ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે CCTV ફૂટેજના આધારે આરોપીની શોધખોળ આદરી છે.

## ચેક રિટર્ન કેસમાં કઠોર કોર્ટે આરોપીને 1 વર્ષની કેદની સજા ફટકારી

### રૂ.૧.૦૫ લાખનો ચેક બાઉન્સ થતાં કઠોર મંડળીના સભાસદ તેજપાલ શાહ દોષિત જાહેર

કામરેજઃ કઠોર વિભાગ નાગરિક બચત અને ધિરાણ સહકારી મંડળીના સભાસદે લીધેલા ધિરાણના ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તેમજ ધિરાણની રકમ છ ટકાના વાર્ષિક સાદા વ્યાજ સાથે ચૂકવવાનો હુકમ કઠોર કોર્ટના જજે કર્યો હતો.

કઠોર ગામે આવેલી કઠોર વિભાગ નાગરિક બચત અને ધિરાણ સહકારી મંડળીના સભાસદ એવા તેજપાલ ધુલચંદ શાહ (રહે.,3, ભગવતી સોસાયટી, કામરેજ) એ ગત તા.10-8-20ના રોજ રૂ.1,25,000ની 11 ટકાના દરે જાતજામીનથી ધિરાણ માસિક હપ્તેથી વ્યાજ સાથે ચૂકવવાની શરતે લીધું હતું. ધુલચંદ શાહ હપ્તાની રકમ નહીં આપતાં મંડળીના મેનેજર દ્વારા રૂપિયાની માંગણી કરવામાં આવતાં સુરત ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેંકની કઠોર શાખાનો ચેક ગત તા.16-11-2022ના રોજ રૂ.1,05,338નો આપવામાં આવ્યો હતો. જે મંડળીના ખાતામાં જમા કરાવતાં બેલેન્સ ન હોવાથી ચેક રિટર્ન થયો હતો. મંડળીના વકીલ અમીષ ઠક્કર દ્વારા ધલચંદ શાહને નોટિસ મોકલવામાં આવી હતી. છતાં પણ રૂપિયાની ભરપાઈ ન કરતાં આખરે મંડળી દ્વારા કોર્ટના દ્વાર ખખડાવવામાં આવ્યાં હતાં.

કઠોર કોર્ટમાં ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 મુજબનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જે કેસ કઠોરના બીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ચુનૌતી વત્સની કોર્ટમાં ચાલી જતાં તેજપાલ શાહને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 મુજબના શિક્ષાપાત્ર ગુનામાં દોષિત ઠરાવી એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો. વધુમાં રૂ.1,05,338 ફરિયાદ દાખલ કર્યાની તારીખથી વાર્ષિક 6 ટકાના સાદા વ્યાદ સાથે ચૂકવવા અને જો આરોપી વળતરની રકમ નિયત સમયમાં ન ચૂકવી આપે તો વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો.

## ભરૂચમાં ગણેશ વિસર્જન માટે ત્રણ સ્થળે કૃત્રિમ જળકુંડ બનાવાશે

### શક્તિનાથ નજીક જે.બી.મોદી પાર્ક, મકતમપુર અને ઝાડેશ્વરના ગાયત્રી મંદિર નજીક કામગીરી શરૂ



ભરૂચઃ અનંત ચતુર્દશીના દિવસે શ્રીજીની વિદાયના કાર્યક્રમ માટે ભરૂચ નગર પાલિકાએ તડામાર તૈયારી આરંભી દીધી છે. ગણેશજીની પ્રતિમાઓના વિસર્જનથી નર્મદા નદીમાં પ્રદૂષણ ન થાય એ માટે તંત્રએ શહેરનાં ત્રણ અલગ-અલગ સ્થળોએ કૃત્રિમ જળકુંડ બનાવવાનું કામ આરંભી દીધું છે.

નગરપાલિકાના મુખ્ય અધિકારી હરીશ અગ્રવાલે જણાવ્યું હતું કે, ભરૂચ શહેરમાં શક્તિનાથ નજીક જે.બી.મોદી પાર્ક પાસે, મકતમપુર વિસ્તારમાં અને ઝાડેશ્વર ગાયત્રી મંદિર નજીક કૃત્રિમ જળકુંડ તૈયાર થઈ રહ્યાં છે. ગણેશજીની પ્રતિમાઓના વિસર્જન માટે આ સ્થળોને સુવિધાજનક બનાવાઈ રહ્યાં છે.

ખાસ કરીને પ્લાસ્ટર ઓફ પેરિસ સહિતની પ્રતિમાઓ નદીમાં વિસર્જન કરવાથી પવિત્ર નર્મદા નદીનાં પાણીની ગુણવત્તા અને પર્યાવરણ પર ભારે અસર થઈ શકે છે. જેથી તંત્રએ કૃત્રિમ જળકુંડનો વિકલ્પની વ્યવસ્થા કરી છે. નર્મદા નદીના પર્યાવરણનું રક્ષણ થાય અને શ્રીજીની વિદાય પણ શિસ્તબદ્ધ રીતે થાય એ માટે ગણેશ આયોજકો અને ભક્તોને અપીલ કરાઈ છે. તેમને નદીમાં પ્રતિમા વિસર્જન કરવાને બદલે તંત્ર દ્વારા તૈયાર કરાયેલા કૃત્રિમ જળકુંડમાં જ વિસર્જન કરવા જણાવાયું છે.

## બારડોલી નજીક હાઈવે પર અકસ્માત, ટેમ્પો ચાલકનું મોત

બારડોલીઃ તરભોણ ગામની સીમમાંથી પસાર થતા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર ૧૯ સપ્ટેમ્બરના રોજ વહેલી સવારે અકસ્માત સર્જાયો હતો. વાસદથી તુવેરદાળ ભરીને વાપી જઈ રહેલો આઈશર ટેમ્પો નં.(GJ 23 Y 9929) અજાણ્યા વાહનની પાછળ ઘૂસી જતાં ટેમ્પો ચાલકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતકની ઓળખ આણંદના રામનગર ગામના વતની ૩૯ વર્ષીય સંજયકુમાર કલાભાઈ પરમાર તરીકે થઈ છે. વહેલી સવારે આશરે બે વાગ્યે તરભોણ નજીક ટેમ્પો પૂરઝડપે હંકારી જઈ અજાણ્યા વાહન સાથે ભટકાતાં સંજયભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. એમ્બ્યુલન્સના ડોક્ટરે તેમને સ્થળ પર જ મૃત જાહેર કર્યા હતા.

## ભરૂચમાં 1 ઈંચ વરસાદ નોંધાયો

ભરૂચઃ શનિવારે વહેલી સવારથી માત્ર 12 કલાક દરમિયાન ભરૂચ જિલ્લાનાં પાંચ તાલુકામાં વરસાદ પડ્યો હતો, જેમાં સૌથી વધુ ભરૂચમાં એક ઈંચ વરસાદ પડ્યો હતો. જિલ્લામાં શનિવારે 12 કલાકમાં સૌથી વધુ વરસાદ ભરૂચમાં 25 મીમી, અંકલેશ્વરમાં 12 મીમી, વાલિયામાં 3 મીમી, જંબુસરમાં 22 મીમી અને આમોદમાં 5 મીમી વરસાદ ખાબક્યો હતો.

## કારેલી ગામની 21 વર્ષીય યુવતી ગુમ

પલસાણાઃ પલસાણાના કારેલીની આર્યા સોસાયટીમાંથી ૨૧ વર્ષીય યુવતી ગુમ થઈ હતી. ફરિયાદી રાજેશકુમાર હિરાલાલ વર્માએ જણાવ્યા મુજબ તેમની પુત્રી લક્ષ્મીબેન (ઉં.વ.૨૧) ગત તા.૧૬ સપ્ટેમ્બરે સવારે ૯:૧૫ વાગ્યે કોઈને કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ છે.

## વરેલીમાં પૈસાના ટેન્શનમાં યુવકનો પાંચમા માળેથી કૂદીને આપઘાત

### વતન ઝારખંડમાં રાખેલી ઘર-વસવાટની જગ્યા બાબતે ફિરોજ માનસિક તાણમાં હતો

પલસાણાઃ પલસાણાના વરેલીમાં વતન ઝારખંડમાં રાખેલી ઘર-વસવાટની જગ્યાના પૈસા ચૂકવવા બાબતે સતત માનસિક તણાવમાં રહેતા ૪૧ વર્ષીય યુવકે પાંચમા માળેથી પડતું મૂકી જીવન ટુંકાવી લીધું હતું. કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર મૂળ ઝારખંડના ગીરીડીહના વતની અને હાલ પલસાણાના વરેલી ખાતે આવેલી ગીતગોવિંદ સોસાયટીની પ્રથમ રેસિડેન્સીમાં રૂમ નં.૫૦૩માં રહેતા ફિરોજ લાલ મોહમ્મદ અંસારી (ઉં.વ.૪૧) મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમનાં પત્ની નસીમા ખાતુને પોલીસમાં નોંધાવેલી જાહેરાત મુજબ મોહમ્મદ ફિરોજે તેમના ગામમાં ઘણા સમય પહેલા રહેવા માટે એક જગ્યા રાખી હતી. આ જગ્યાના પૈસા હજુ આપવાના બાકી હોવાથી તેઓ સતત ચિંતામાં રહેતા હતા અને આ આર્થિક ભીંસના કારણે વારંવાર ગુસ્સા અને ટેન્શનમાં જોવા મળતા હતા. ગત તા.૧૭ સપ્ટેમ્બરે રાત્રે દસેક વાગ્યાના અરસામાં મોહમ્મદ ફિરોજ તેમના ફ્લેટમાં રસ્તા બાજુની બારી પાસે ઊભા હતા. પૈસાની ચિંતામાં માનસિક સંતુલન ગુમાવી બેઠેલા મોહમ્મદ ફિરોજે અચાનક પાંચમા માળની બારીમાંથી નીચે છલાંગ લગાવી દીધી હતી. પાંચમા માળેથી સીધા નીચે રસ્તા પર પટકાતાં તેમને માથાના તેમજ બંને હાથના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બનાવ સ્થળે પહોંચેલા ડો.અનુરાગભાઈએ મોહમ્મદ ફિરોજને તપાસીને મૃત જાહેર કર્યા હતા.

આ બનાવ અંગે પત્ની નસીમા ખાતુનની ફરિયાદના આધારે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકના એ.એસ.આઈ. જયદીપસિંહ જામાભાઈએ અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે. પરપ્રાંતીય શ્રમજીવીના આપઘાતથી પરિવારમાં ભારે શોકનો માહોલ છવાઈ ગયો છે.

## ગટરવિહોણા રોડના કારણે રાજપીપળા ચોકડી નજીક વરસાદી પાણી ભરાયા

અંકલેશ્વરઃ અંકલેશ્વરના રાજપીપળા ચોકડી નજીક મોના કોમ્પ્લેક્સ પાસે વરસાદી પાણીના નિકાલ માટે યોગ્ય ગટર વ્યવસ્થા ન હોવાના કારણે દુકાનદારોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વરસાદ પડતાં જ રોડ પર પાણી ભરાઈ જતા દુકાનોની આસપાસ કાદવ-કીચડ અને ગંદકીનું સામ્રાજ્ય સર્જાઈ રહ્યું છે. સ્થાનિક દુકાનદારોના જણાવ્યા મુજબ આશરે બે વર્ષ અગાઉ પી.ડબ્લ્યૂ.ડી. દ્વારા રોડનું કામ કરવામાં આવ્યું હતું, પરંતુ રોડની સાથે વરસાદી પાણીના નિકાલ માટે ગટર બનાવવામાં આવી ન હોવાથી પાણીના નિકાલની સમસ્યા યથાવત્ રહી છે. પરિણામે વરસાદી પાણી રોડની બાજુમાં ભરાઈ રહે છે.